સુરતી સટ્ટો.

રચનાર

ગવાડી નવનીતરામ મોતીરામ એજન્ટ

છપાવી પ્રસીધ્ધ કરનાર

સા. જમનાદાસ ભગવાનદાસ બુકસેલર

સુરત હરીપુરા.

સુરત નાણાવટમાં

ખોદાબક્ષ પ્રેસમાં છાપ્યા છે.

સંવત ૧૯૫૪. સને ૧૮૯૮.

કીમત દોઢ આનો.

શ્રી ગણેસાયેનમાઃ

સુરતી સટો

(૧) સ્તુતી – વિનતી ધરજો ધ્યાન—રાગ

કૃપા કરો ભગવાન રંક જાણી કૃપા કરો ભગવાન
છઉં અતી અજ્ઞાન સરસ્વતી કૃપા કરો ભગવાન—
દસે દીસાએ નામ અવીચળ છો સર્વે ગુણવાન—રંક
ધન સુખ સંપતી નીરંતર આપો સુભમતી જ્ઞાન—રંક
સુરતી સટ્ટાનું ગાંયન રચવામાં મળે સર્વદા સનમાન—રંક
નવનીત તમને વંદન કરે છે રાખે છે તમપર ધ્યાન—રંક

સુરતમાં સટો ક્યારેને કેવી રાતે વધ્યો—

(૨) પ્રભુ તેરે નામકી લેહે મોહે લાગી—રાગ

સુરતમાં સટો જાગ્યો ક્યારે, થઇ મરકી મુંબઈમાં જ્યારે—ટેક
સંવત ઓગણીશ બાવન સાલે ભાદરવાથી મહાલે
સેહેર મુંબઈ માંડવી બંદરે ગાંઠીયો વળગ્યોત્યારે—સુરતમાં
મુબઈથી લોક નાઠા સરવે સહુ સઉકોને દેસે
રોજગાર વીના ન મળે દ્રવ્ય કરે પરસ્પર વિચારે—સુરતમાં
નીરધનીયું છે સુરત બાચારૂ મેહેનત મજુરી હવાલે
ખાવા પીવા કપડા પહેરવામાં પેહેલે નંબર પ્યારે—સુરત
મુંબઈ વાસીએ વીચાર કરી અફીમનું લીલામ કહાડે
કાચી પાકી પેટીઓનો રોજગાર ચલાવ્યો ત્યારે—સુરત
દુકાન માંડી સટાની તેમાં દરમહીને એક દહાડે

કલકત્તા અજમેરં ભાવ પડેતે આંક જાણો તેવારે—સુરત
એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ દસે
એ રીતે દસ આંકની અંદર જે આંક આવે જયારે—સુરત
એક રૂપીયા લઈ દસ આપીશું કરોની રોજગાર સરવે
છતેલે રૂપીયે એકઆનો કાપી આપીસું હાથે તમારે—સુરત

૩ સટો જાહેર થયો (રાગ ઈંદરસભા)

કાચી પાકી પેટીનું લીલામ નીત્યે થાય
માલસકાકો ઉઠીને જે તેછ ખાવા જાય
આવ્યો તાર તેજીનો ને મંદીવાળો નાહાય
ત્યારે માંડે વેચવા જો પ્રભુ કરે સાહય
બીજો આવ્યો તાર તેમાં હવે તેજી થસે
ધીરજ આવી મગનને છગન રડી રહેસે
ડરીસ નહીં અલ્યા ચીમન મંદીનો છુટસે તાર
કલાણને તો ખોટ છે બડસેના ટકા બાર
થયું જાણ સેહેરમાં આવ્યો સરસ રોજગાર
બેસી રેહેવું તેના કરતાં કરવો એ વેપાર

(૪) બજાર મંડાયો (રસીક મધુર ચાખનાર—રાગ)

સોમા ચાલતો ખરો જોવા બજારમાં
કુમન જઈને આવીઓ કાણપીઠ સવારમાં
દુકાન તો સટ્ટા તણી ઉઘડી છે હવે ઘણી
લલ્લુ કહે ખરી ગણી નથી ગયો પારસી ભણી.
ભુલ્યા મારવાડી તણી બન્યો ગમારમાં—સોમા
કાનજી સાંભળ મન થાએ માતાજી જો કરે સહાય

રૂપીયા તો બે ચોરાએ બેના તો વીસ થાય
ધાણી ભજીયાં લઈને જઈએ કંતારમાં—સોમા
વસલો કહેછે સાંભળવાત ઘટે નહીં એ તારી જાત
ચોરીથી થશે ઉતપાત મારસે તાહરો તાત લાત
હું નહીં આવું સાથ આ અવતારમાં—સોમા

(૫) લીલામનો આગલો દીવસ) બની રહયો ગુલતાન રાગ

ચાલો જઈએ બજાર નાણાં ભરવા ચાલો જઈએ બજાર
મફત પુછે કોની દુકાને જઈસું આપણે યાર—નાણાં
નગીન કહે તું નહીં જાણે ભાવનો પુછીયે સાર—નાણાં
ગીરધર તારે કયા ઉપર સું મુકવું નીરધાર—નાણાં
માતાએ મને ચીઠી આપી બતાવ્યા છે આંક ચાર—નાણાં
તીરી પંજો સતોને અઠો મુકવા રૂપીયા બાર—નાણાં
મને તો મહાદેવે એક્કો ચોકકો માટે ભરવા ચાર—નાણાં
ચાલો પુછીયે ભાવ આપણે સું આપે દુકાનદાર—નાણાં
એકો પંજો લઈસું નવમાં કહો તમારો વિચાર—નાણાં
તીરી ચોકો સતોને અઠો સાહડા નવમાં યાર—નાણાં
બીજા આંક તો લઈસું દસમાં આપો છો કે ઉધાર—નાણાં
ચીઠી લઈ પાછા વળી આવી સુતા ઘરનાર—નાણાં

દુકાનદારોને ખીલા બરાબર કરવા

(૬) ગયો તો કયાં છોડી મને દીલજાન-રાગ

આપો સેઠજી તમારે હોય જે આંક, નવ કહાડશો હમારો વાંક
જોઈએ તમારે તે માંગો આંક—આપો સેઠજી ટેક

તીરી મીડી સતાને પંજો, લોની પચાસ પચાસ
સો સો એકા નવો ને દુરી આપું છઉં હું ખાસ—આપો
માહરે છે તાર છકા ચોકાનો તમારે છે કેમ
મારૂં ધ્યાન છે અઠા મીડીનું પછી તો નીકળે જેમ—આપો
અજમેરનો ચોકો જો જોઇએ તો આપોની દસવીસ
માહરે અઠો આપવાનો છે જોઇએ તો લો ત્રીસ—આપો
એણી રીતે બરાબર કરતાં રાતના વાગે ચાર
સહવારમાં ઉઠે કુતરા અવતારે લેવા આંકનો પાર—આપો

(૭) દીવસ લીલામનો. રાગ અંગ્રેજીનો.

હરખારે તું થા ઊતાવળો માહરે રૂપીયા ભરવા આજ
કાસીયા સીવા ઘેલાને પણ એકા પંજાના ખાવાજ
રાતે માહરી પાસે નહીં હતા હમણા મુકી આવ્યો ઘડીયાલ
ચાર આના વ્યાજ કરીને આઠ લઇ આવ્યો તું ચાલ—હર
હું પણ કડું મુકીને રાતે લઇ આવ્યો છઉં પંદર જાણ
ચોરી લાવ્યો એના બાપના શીવાએ તો વાળ્યો ઘાણ
ગુલબાએ એની બઇરીની કાંટલી મુકી ત્રણસેં માટ
ચોકો આવસે તો ઠીકજ થશે નહીં તો વળશે એનો દાટ
કસી ફીકર નથી અંબુને છે એને ઘરના ધનમાલ
બાર વાગ્યા છે મોતીના ઝટ ભાઇ ઉતાવળો ચાલ

લીલામના દીવસનો મેળો.

(૮) (પનીઆરીનો રાગ ચાલોચાલોરે સાહેલીઓ
સાથ પાણી ભરવાને)

મળ્યા મળ્યારે સર્વે જાત લીલામ જોવાને
આવ્યા આવ્યારે કરતા વાત રૂપીયા લેવાને
સઘળી વરણ એકઠી થઇ છે રળવાને તે માટરે
એકના દસ લેવાની આસે જુવે તારની વાટ—લીલામ
કાચેચ કણબી કંસારાને કડીયા કોળી કુંભારરે
ખમાર ખત્રી ગાંચી ગોલા ગોંસાંઇ ને ગળીઆર—લીલામ
નાગર નાગોરી પરદેસી પારસી પખાલી ફકીરરે
બ્રાહ્મણ ધન મકર ગણીને આપે સઉને ધીર—લીલામ
ભાઠેલા ભાવસાર ભાટીયા ભાડભુજા ભંડારીરે
ભાટ ભોઇ ધોબી ભંગી રહી ન જાય પંચોળી—લીલામ
મુસલમાન મેમન મરાઠા માળી માછી કોઇરે
ચળકાટ જુવો ઓસવાળોના નોટો હાથમાં જોઇ—લીલામ
રજપુત રાવળ લુવાર લવાણા કાછીયાને મારવાડીરે
વણીક વેસ્યા વેરાગી વાઘરી હેરાજીની દાહાડી--લીલામ
સોની સુથાર સલાટ સાળવી સાણવીને સુખડીઆરે
સાધુ સંતને શ્રાવકો સાથે ગોરજી આવી અડીયા—લીલામ
હજામ હબસી ઢેડા ખાલપા ચીકલીગર પણ તેવારે
રહ્યા તે પસ્તાસે ઘરમાં જાણો રાંડીરાંડ જેવા—લીલામ
બધી જાત ગાગાની સંક્ષેપમાં રહી હસે વળી કોઇરે
હમણાતો છે થઉ ઉમંગમાં જસે ઘણાજન રોઇ—લીલામ

તારની ધમાલ લીલામ નીકળીચું

(૯) રાગ બાગના ગરબાનો

સુરત ચોરાસીના લોક મળ્યા સરવે થોકાથોક
રહી ગયા ઘેર કોક–દોડા દોડ થઇ—૧
ગાડી ઘોડાની ધમાલ કહું છું તેનો હેવાલ
તાર આફીસે ચાલ–પેહલો કોણ આવે—૨
તાર આફીસે ભીડ માસ્તરને ચહડે ચીડ
છુટયાં આકાસના તીડ–જોઇ ગભરાઇ જાય—૩
પેહલો તાર સીપી સરાપ લઇ દોડયો જવાબ
વાંચી જોયો આપોઆપ–બાઉ એકકો હુઓ—૪
તીરી ચારમાં હું બાઉં પંજો સાતમાં લગાઉં
છકો હું તો નહીં લઉ–ઓલીયો કહે છે એમ—૫
મારવાડીનો બીજો તાર, આવ્યો કલાકે બાર
છક્કા અને ચોક્કા ૧ના બીજા લેજો સઉ—૬
બાઉં બાઉં કરે સઉ કહે કોઇ લગાઉં
જાણે મારવાડના મઉ આવ્યા ૭૧ લેવા—૭

જુલ

૭૧ લેવા સઉ આવીયા બાઉં બાઉં કરતા ભુત
ત્રીજો તાર તો લાવીયા જાણે યમના દુત
યમના દુતરે જમના દુત, આવ્યા જ્યારે જમના દુત
દુત લાવ્યા તીજો તાર તેનો સાંભળવાંનો સાર
સું આવ્યું ઓઇઆર પંજો જેકપોટ થયો—૮
છગન કહે પંજો બાઉં લલ્લુ કહે હું લગાઉં
ઠાકોર તાર લેવાને જાઉં અમ જોર ફેરક તણો—૯

એટલે નરોતમ કાકો બોલે તારવાંચીને તે બોલે
મદમાતો થઈ ડોલે લગાઉં મીડા—૧૦
મીડી વગર બીજા સઉ જેટલા જે આપો તે લઉં
મીડી ઉપર હું લગાઉં લો દસ હજાર
દાહોડી સવાઈ બરાબરીઆનીઅડધીઆનીખરી
મીડી કલકતા નીસરી પાટીયું મુકી દીધું
રૂ૨૫ એકહજાર છત્રીસ કાકો કહે પાડી ચીસ
પાટીઆં વાળાને ચહડે રીસ એણે ઉતાવળ કરી

જુલ

નહોતી આસા કોઇને મીડી તણી આ વાર
કલકતા અજમેર તણા આવી રહ્યા સઘળે તાર

(૧૦)(હુકમ માંગવો) બંધ કીલ્લો બાપુજી સુકામ—રાગ

હુકમ આપો કલેકટર સાહેબ બંધ કરવાને માટેરે—હુકમ
થોડી મુદત થયા આપણા શેહેરમાં ચાલેસટ્ટાનો વેપાર—બંધ
ગાડી ઘોડાની દોડા દોડ થાએ સરીયામ ભરબજાર—બંધ
વળી આપસમાં લડાઈ ટંટા થાય ઘણું તોફાન—બંધ

(હુકમ કલેકટર સાહેબનો (૧૧) રાગ પદમણી)

હુકમ આપ્યો કલેકટર સાહેબે અરજીસ્વીકારી—ટેક
જાઓ કરાઓ બંધ દુકાન નહી થવા દેવુ તોફાન
કરે તમારૂ જે અપમાન પકડી લાવો તેને જલદી—હુકમ
સરીઆમ પરથી બદલાવો ઠામ કરો જલદી તમે તે કામ
રાખો હાજરસાહેબ હામ લોકોને નાંખો વીખેરી—હુકમ

લાવો દુકાનદારોના નામ ઈનકમ ટેકસમાં આવે કામ
ત્યારે આવશે એતો ઠામ તમે જુઓની વીચારી—હુકમ

(૧૨) હુકમ— રાગ ક્ષત્રી કલંકનો

સાંભળો સરોળી આગેવાન તમે વાત ઘણો થયો રે જુલમ તમારો
તમે મચાવ્યો અતી ઉતપાત—જુલમ
ગાડી ઘોડા દોડાવો છો જેમ—જુલમ
માણુસ ચુંદાઈ જાય તેમ—જુલમ
પાડો ખાડું ખાડું કરી ચીસ—જુલમ
ફુટતું નથી તમારૂં સીસ—જુલમ
પાનાનો પણ ચાલે જુગાર—જુલમ
હુકમ કરે છે આજ સરકાર—જુલમ
ઉપાડો અહીંથી દુકાન—જુલમ
દીન કરે ગુમાવસો માન—જુલમ
જોઈએ છીએ તમારો ખોટો તોર—જુલમ
ખોટી ચળકની ટોપીનો દોર—જુલમ
ભભકો મારો છો ખોટાં ઘડીયાળ—જુલમ
વાંકા ખમીસ જાકીટને સુરવાળ—જુલમ
પગમાં બુટોનો જોયો ચળકાટ—જુલમ
લાકડી રૂમાલે ઉઠાડી વાટ—જુલમ
તેલ અતર નીસાનો નહીં આંક—જુલમ
મજી કાઢડો ચાંનડીનો વાંક—જુલમ

ખાઓ છો ધારી ભજીયાં સાર—જુલમ
રોટલે રડતી હસે ઘરનાર—જુલમ
ઘણું કહ્યામાં નથી હવે માલ—જુલમ
આગળ થસે તે જોઇસું હવાલ—જુલમ
જારી રાખવો હોય એ વેહેપાર—જુલમ
બીજી જગોએ ગણો પોબાર—જુલમ
નહીં સાંભળીસું તમારી ફરીઆદ—જુલમ
રાખજો મનમાં ખુબ રીતે ઇઆદ—જુલમ
નથી રાખતા મન કંઇ ડર—જુલમ
સરવે આપો ઇનકમટેક્ષ કર—જુલમ

૧૩ (નવા બજાર) રાગ માહાડ—રંગમાનો મારારાજ

નવો સટ્ટાબજાર જુઓ નવો સટ્ટા બજાર
કરાવે સોખ અપાર જુઓ નવો સટ્ટા બજાર
મોહોટા મંદીર ગોંસાઇજીના પાસેની ગલી જયાંય
ફુકાનો ખોલી તે વેળાએ માંડયો બજાર ત્યાંય—જુઓ
વીચાર કરે મનની સાથે આતો સારો ઠામ
સેઠ નાગની ખીલી મારી નહીં લે કોઇ નામ—જુઓ
ઇનકમ ટેક્ષ લેસે તો આપીસું મુકવી નહી મન હામ
ફરીઆદ નહીં સાંભળે કોઇની તો કમાઇસું ઘણા દામ-જુ
નહીં સમજે તે કુથલી કરે તેની નથી દરકાર
જુગાર હોય તો કેમ વીચારોની રજા આપે સરકાર—જુ

આપણો વેપાર લાભનો જોઈ બજો મનની માંય
છાના પારકે હાથે રૂપીયા મોકલાવે છે આંય—જુઓ
ખુસામતો આપણી કરે છે સું આવસો કહો ભાઈ
દાબડામાં હાથ ઘાલી પુછે કહો તે કરૂં લગાઈ—જુઓ
કોઈનો છોકરો કોઈનો ભાઈ બેન બઈરી કે ખાસ
આ રોજગારની નીંદા કરસે તેનું જાસે સત્યાનાસ-જુ

(૧૪) (પાટીયાવાળાના નામ) રાગ બનજારાનો

કહું સટ્ટાવાળાએ કામ કહું દુકાનદારોના નામ
કર્યો ઠરાવ રાખી હામ મેળવવા ખાતર દામ—કહું
ચલાવે દુકાન ભાગમાં સઊ કોઈમાં એક બે ત્રણ કહું
ધ્યાન રાખજો હું ગણાવું નરોતમ મોતીરામ—કહું
બીજા નરોતમ માણેકચંદ ત્રીજા ચુનીલાલ ખુબચંદ
ચોથા છગીલ બાલમુકંદ બોલીયા છે દાસુ ફરામ—કહુ
વીજુ પરમાનંદ નાણાવટી મગન કેસુરની સાખજઘટી
બેઠા નારણ કસનવતી નવા ચુનીલાલ ભગવાન—કહુ
લલ્લુ દુલભગાંમ છે જુના સીગીસરાપ નથી સુના
કેમ ભુલો છો નારણ ગુમનાલાવો ભગુ રસીકનું નામ- કહુ
ખાઊં ખાઉં કરે છગીલ સીવલાલ ધીરજ ત્રીભોવનનો તાલ
નગીન ત્રીભોવંનના હેવાલ ખાંઈ જસે મારવાડી દામ-કહું
જુના જાય ને નવા કંઈ થાય પઈસાવાળા થવાને ચહાય
ખોટ આવે ઉઠે લહાય બોજો સાત પહેડીનું નામ—કહુ
મળી સઉએ મનસુબો કીધો તરત ઠરાવ બાંધ્યો સીધો
નરોતમકાકાને શેઠમાની લીધો રાજીખુશીથઈ તમામ કહું

નવી દુકાનજેમાંડવા આવે રૂપીઆ બત્રીશ ડીપાઝીટ લાવે
દર મારી છ રૂપીઆ લાવે શેઠ ચોપડીમાં નામ—કહુ
લેવો વટાવ અડધા આની કોઈની ફરીઆદ નાંહ છાની
સેઠ ચુકવે સઉ મનમાની મેળવવા ખાતરદામ—કહુ
દેવાળુ કાઢી જે જાય ડીપાઝીટમાંથી ભરાય
માંગનારને વહેંચી અપાય સઉના આસાપુરે શ્રીરામ-કહુ

(૧૫) (મેળામાંથી ઘેર જતો વીચારે) રાગ ગીરધારીનો
મીડી આવીરે. કલંકનાની ખાસ, થયા સાંભળી સઉ ઉદાસ
છકોબેઠોરે, અજમેરનોઓદાસ, છુટીગઈસરવેની આસટેક
પાછા વળેછે ઘરની ભણીરે, રસ્તે જુએછે ડીસાભગણીરે
જીવડો જાય છે ચણચણી રે, છુટી મોડી રે આજ
થયા વીસ માસ—સાંભળી
બાંધેલીરે હતી ઘણા મહીનાથી આજે છુટી છે જબરાણથી
આવેલીરે તીરી કલકતાથી જીવ બળે છે પઈસા ગયાથી
નહોતા જાણતા કોઈ જનરે સંભારૂ થાય રૂદન રે
ખોઈ બેઠો આજ બાવનરે સુકોકંઠીરે થઈબેઠોનીરાસ સાં.
કરવુ એમરે રાખીન હોંશીઆરી બેમીબાંધી થવાસુખકારી
તરવું જેમરે લાવું ગયા વીચારાંપાંચબેકીખાંધું હીતકારી
વીચાર કરતાં આવે ઘેરરે ત્યાં ઉપજે કેવા પેરરે
ખાવુ પીવું બોલવું ઝેરરે સુરા થઈનેરે ઘરમાં બતાવેત્રાસ
સાંભળી
લાવેલોતે વનમાળી એકના દસ ખાવા લાડુ આજે સરસ
લાવેલોતે ગાય મીઠીના જસ હુરમાન છે સાહરે વસ

માતા માહાદેવ ગાવે કોઇરે મુકે અપાસરે ઢગલી ન્હાઇરે
રહ્યા હજરતવાળા રોઇરે ગણપતીરે પુરે માહરી આસ
સાંભળ

(૧૬) અનુઆત (જગતના મોગ કરસે સરક ગયારે) રાગ

લપટાયા લાલચમાં રોજગારવીનારે ટેક
અતી થયા નીરાશરે કરે બીજા મામની આસરે
બાંધીશુ એકીના દાવ લઇશુ લાખેણુ લાવ
ખોટી ભટનો છે ભાવ થાવ શ્રીમંત સહુરે લપટા.
દામ ગુમાવે દર માસેરે થઇ બેસે નીરાસેરે
હાર્યો જુગારી બમણુ રમે નવ શીખામણ કોઇની ગમે
ભુતની પેઠે ચીત ભમે દમે ઘરમાં સહુને લપટાયા
નાના મોટા છે નરનાર રે શીખ્યા છે એ રોજગાર રે
લાલચમાં જીવડા જાસે એ પૈસા શુખે નહી ખાસે
કોડી નહી રહે એક પાસે થાસે દુખી ઘણારે. લપટાયા
નવ રમો એ જુગાર રે નથી એમાં કાંઇ સારરે
ઉમંગ રાખો છો મોટાજાણો તે સરવે ખોટા
ગાદી નહી દારી લોટા રોતા ઘરબાર નનારે લપટા.

(૧૭) હેવાલ (રાગ ઓખા હરણ કેમમીત્રમાહરા.)

નહી વહેપાર સટાનો કરીએ સત્યમાનો નાણાં નવભરીયે
કરતાં પહેલાં મનમાં ડરીએ માનો નહીતો ડુબો ભરદરીએ
જ્યારથી નવો જાગ્યો વહેપાર ઘટયો ત્યાર ઓજ વહેવાર
ફુરી લોકો જપે નરનાર મણુનુ નામ ભુલ્યા સહવાર

થોડી મુદ્દતમાં ખુવાર થયા ઘરબાર ઘરેણાં ગયા
જુવાન બાળકો જાય છે વહયા રાખો ઉર વીસે કંઈ દયા
પઈસાવાળા થવા ચીત આહસો પ.શેનું ખોઈ વીતદુખાયાશો
લીલામ જોવા કદાપી જાસો ઈજતદાર તે જુગારી ભાસો
લઈ આવશો ધન એક વાર ખોશો ખમાણા તેથી બીજીવાર
બાધે દાવ થાશો લાચાર પાશો નહી હોય તેણી વાર
કરવુ નહી લાલચુ મન રાતદીવશ જાગશો તન
જમ વળગે ભુતકે જન તેતો છુટે નહી કોઈ દન
એવુ જરજરીઆણને દામ વેચાય ઘરબારને વળી ઠામ
વેચી નાર તજી શુત ગામ કાહાડવુ દુનીયામાં બદનામ
જેનુ સરવસ જયારે જાય જોગી કે ગાંડો ભીખારી થાય
કોઈ કરે નહી તેની સાહય ભોગ લે કુવો કે તાપી ગાય
દીઠા નજરે કંઈએક એવા શ્રીમંત હતા તે થયા જોવા જેવા
જે ચાખસે અફીમના મેવા હાલ બુરા થસે તેના તેવા
સટો જાણો જુગારનો ભાઈ બતાવો તેમાં શું છે નવાઈ
હમણા જોર છે સટ્ટાનું સવાઈ લક્ષ્યાંકો નહીં બાઈ ભાઈ
લીલામ દરમાસે તો થાય લાખો રૂપીયા સુરતમાંથી જાય
મનધારો છકાના જડસે આણવાચોં એકો આવી પડસે
એમ રડો છો દર ખેપ, તોએ છેડો નહીં તેનો ચેપ
ઊપજ વધી જુઓ તમ આંખે તારની તેથી સરકાર સાખે
ઘણું કર્યું હવે છોડી દેસો સુખ લાભ લાખેણો લેસો
આણછાજતા પેહેરો છો વેસો શાણા થઈ તેમાં નવ બેસો
સાહ્ય કરસે શ્રી કીરતાર દાખવસે દયા સરકાર
માત પીતા ભ્રાત સુત નાર વાહાલ આણી દેસે આવકાર

ભકતી ભાવે પ્રભુજીની કરીયે સુખમાં ભવસાગર તરીયે
નહી વેપાર અફીમનો કરીયે સત્યમાનો નાણું નવ ભરીયે

(૧૮) પરચુરણ (લાવણી)

આવ્યો પ્લેગને સટો બન્ને સપીને મુંબઈમાંથી
ખુવાર કરવા સુરત જનને ખોવા ધનમાલ ઘરમાંથી
ફરતા રોજગાર વીના જુવાનીયા બની ઠનીને જે ફક્કડ
થઈ બેઠા વેહેપારી વાણીયા વાંકી ટોપી મેલી અક્કડ
જાકીટ ખમીસ ઘડીયાળ અછોડા રૂમાલ લાકડી
વારનીસ જોડા
અતર તેલમાં ખવાડે જબકોરા બાલ પીએ બ્રાંન્ડી સોડા
ધારી ભજીયાં બીડી દીવાસળી પાનસોપારી સાથે જોઇયે
ભાંગ ગાંજો અફીમ માજમ નાચ રંગ પાણીન કોઇએ
એટલી રાતમ સેહેલાણીઓની ફુલ ગુલાબ કલગી ગોટા
જ્યારે ઉપાય કઇ નહીં નાણાના ત્યારે આદરે છંદ ખોટા
લાલચ લાગે દામ જોડવાની છોડી દેસે બુરા સઉ ફેલ
નામ વધાગસે સાત પેહેડીનુ ઇજત દારમાં ખપસે સેલ
નહીં રોકાણ જોઇએ પઈસાનું માલ માપ ભરત કેતાલ
કાગજ ખડીઓ કલમ ગલ્લો લઈ બેસે જે હોય અણતોલ
ચકલે ચકલે ગલીએ ગલીએ પાંતરા તંબાકુની દુકાન
તેમ સઉ વેપારી બનીને થઈ બેઠા મોટા મસ્તાન
છોડી ફેલને થોડા ખીલા દસે કરે જો બરાબર
ખાવા ભરવાની આશા નવ રાખે વટાવ ખાય તે જોરાવર
આવે નહીં કદાપી ટોટો તાર નહીં એક પઈ ઉધાર
વધે નહીં સમજીને ચાલે સાહ્ય થસે શ્રી જુગદાધાર

સમજુ શાણા વિચારવંત છે, છે જાતે સાબદા શુરા
કામ દામને ઠામ વાળાપણ સરવે વાતે જે પુરા
એવા જે ઠરેલ નર છે લેસે અજાણને નભાવી
દેસે આસીસ કોઈક બુરો કરશું? [illegible] સમજાવી
સમજુ શેઠને ખોજા આદી [illegible] [illegible] છે કદાવર
[illegible] દીપે [illegible] તમારામાં હોય ગાડી નહીં [illegible]
[illegible] આપે સલ્યે [illegible] [illegible] [illegible] [illegible]
સમજી જાણુ રાજુ મીત્રને [illegible] [illegible] આમરીત ચાખે

[illegible] [illegible] [illegible]

(૧૯) રાગ—મારા દલગીર ની ચાલ

ધારે તે આંક તો આવે નહીં ગયા મહીના [illegible] વાત કહું સાહી
[illegible] મોહી [illegible] નહીં—ધારે
[illegible] આવી [illegible] [illegible] સાહી—ધારે
છગો ચોકો ધાર્યો એમીલે નીકળી આવ્યો નવો નહીં—ધારે
[illegible] મ માંગી [illegible] એકો આવી [illegible] ગયા વહી—ધારે
દુરીને તીગી ધારીતી જુને ફરીને આવ્યો નવો કંઈ—ધારે
જુવાઈઓ ચોકે દાટ વાળો આવ્યા તાર પંજાનો લઈ—ધારે
[illegible] એકી આંક આગળ થયા એકો એકી ઉડી ગઈ—ધારે
પાંચે એકી આવી લાગટ એકી રડે માથે હાથ થઈ—ધારે
ગભરાઓ નહીં જુઓ સપટેમ્બર એકીમાં દુરી છુટે સહી—ધારે

સપટેમબરના વિચારો સ્ત્રીઓના (૨૦)

ખસો ખસો કુંવરજી મારગ દઈએ અમનેરે—રાગ

હળી મળી સાહેલીઓ સહુ કરો વીચારોરે
નહીં આવ નાણાં આવે એમ ધારોરે—હળી મળી-ટેક

છે રૂક્ષમણી કાકીજી ગુલાબ મામી પાકીજી
ગામકોર હવ શાકીજી પુછે છે માહકોર બતાવો મત તમારોરે—હળી
જેકોરે દાણા લઇને પુછયું જોશીને જઇને
સું આંક આવે એમ કહીને, છકો જરૂર આવે આપો સું
ઊચારોરે—હળી
વીજળી કહે ચોકો આવે એક સાધુ જવેરા વાવે
તે ગણીને કેહેવડાવે સસરા રાખે માહરા તેનો ઘણો આસરોરે—હળી
કહે દાવાળી મન ખોલી માતા બેચરાજી બોલી
આવસે તીરી કહે ઝૈલી કીકાના બાપાને કહ્યું ભરો પધારોરે—હળી
માહરા બાપને શીર છાજે બોલ્યાતા ફરમાન આજ
પંજા વગરના બાજે કંકુ ભરે પંજે એમાં નહીં કશોરે—હળી
મારા વરે તો બાંધી એકી ખોડી ભગની છે નેકી
કહે દેવકોરન આવે એકી બર્યા દુગીઉપર હજાર કરો શું લવારોરે—હળી
બરે હજરત ફકીર મોટો જાણો નવ તેને ખોટો
નહીં આવે કદાપી ટોટો આવસે અઠો પીર બોલ્યા કરી પોકારોરે—હળી
ડીવર માહરો છે લાલ રાજે મુંજપર વાહાલ
આપી ફકીરને સાલ બાવા સાધુ વીંટી ટુચકા કરે દજા રોરે—હળી
બોલી જ્યારે પારવતી કમાસે માહરો પતી
માનો જો માહરી મતી જો પૈસાનો મારી પેઠે કરી વધારોરે—હળી
હીરા કહે છુટે દુરી ખાવાં હોય નીત દુધ પુરી
જાણો નહીં મને બુરી કરો વેપાર એકી વખત તરો સંસારોરે—હળી
ગંગા ગોદાવરીને કાસી કૃષ્ણા સીવકોરની માસી
ધ્રચ્છાને જમના ખાસી દાળ વણેલામાંથી ભરવા થઈ તઈઆરોરે—હળી
જડાવ જીવલીને ભીખી હરીને કંજમ સીખી
લક્ષમીને અંબા તીખી મંગીને મંછાના જુઓ જુદા વીચારોરે—હળી
દીનબાઈ બોલ્યા વાણી પ્રેમ અને લખટ આણી
સમજો મારી વાત શાણી લલચાઓ છો કાંય રીવાજ છે નઠારોરે—હળી

ફાતમાપ્રુ બોલે એસા રસ અપાર પુરા કેસા
એકનાદસ મીલે પેસા હમતો કરતે ને ફેરગે ઘુમી ઘરસીધારેરે—હળી
અન્ન પુર્ણા જ્યારે આવી ઈકદમ તીકડમ ત્યાં લાવી
નફી તેબાચારી ફાવી સમજે નહીં કોઈ ભાણેક કરે સુધારેરે—હળી
ઢેડી રતની પેટ ટાહાડી સીતાફળ વેચે હાહાડી
લાવી રૂપીઆ એક કાહાડી અરે હેય છાએબ માહરૂ
દુખ નીવારોરે—હળી

સપટેમ્બરનું લીલામ બેઠા સુરે આહ્રીં—રાગ (૨૧)

ચાલો તમે ભાઈ (બેનારો) પ્યારારે લીલામ જોવા માટ
વાળીસું ત્યાં હાટ—ચાલો તમે ભાઈ—ટેક
રૂપીઆ ભરવા તીરી ઉપર કલકત્તાના વીસ એકા ઉપર
ત્રીસ—ચાલો
વીજું કહે હું ખાઉં ખાઉં પંનના બાવંન છકાના તેપન
—ચાલો
મોજા પાટલુન ચહડાવું છઉં સુરમો ચસ્મા આંખ
જરા તો ધીરજ રાખ—ચાલો
બેકી દાવ બાંધવા માટે થઈ ચાલ્યા તઈઆર લીધી નોટ
હજાર—ચાલો
દુરી છુટવા નક્કી આસે લઈ ગયો હજાર તે વેચીને
ઘરબાર—ચાલો
એકદમ ભાવ ઘટીને થયો બેકીનો સાત આઠ પરાણે
આપ્યા હાથ—ચાલો

(૨૨) બસ બસ હવે નથી કંઈ ભાર—રાગ

બસબસ નથી હવે કંઈવાર આવે દુરી મીડીના તાર—
પાંચ આપી પચીસ લેવા પણ મેન થયું નરનાર
થોડી વારમાં પોક મુકીને રડસે હૈલે તાર—બસબસ

સીંગ દાળ રેવડી ગરમ વટાણા જલેબી તઇઆર
ખાઇને પરબે પાણી પીવા ગયા જે હોંસીયાર—બસબસ
તાર આવે એક પછી એક વાગ્યા ત્રણને ચાર
કોઈ કહે ગીડી કલકતાની પાટીયું પડશે બહાર—બસબસ
જોદ્દર પાડીને પડયું નવાનું એકો છે અજમેર
પગ ભાંગી ગયા સાંભળી જુવે બંદર પેર—બસબસ
સું મોં લઈ ઘેર જઈસું ભુલી ગયા સહુ ભાન
બેનબાઈજીની જણસો મુકી હુરીએ ભુલાવી સાન—બસબસ
પાસે રહ્યું નહીં કંઇ સાધન બેઠા તો બાંધી દાવ
જરૂર બેકી આવે આ વખત લેવા લાખેણો લાવ—બસબસ
ગયા પઇના હવે નહીં મળે એકે નથી ઉપાય
ઘરનું જતાં દેવું થયું ખાવા નહીં પેટમાંય—બસબસ
હુરીએ તો કાટ કાડયો રાખી નહીં કાંઈ નુન્ય
રાજા રાણીના બાંધેલી તે લેસે જેનું પુન્ય—બસબસ

(૨૩) લીલામથી ઘેર (જળ ભરવા હું ગઈતીરે) રાગ

લીલામ જોવા ગયા છે રે મગન ડીયરજી માહરા
એ આવે છે પેહેલારે માહરા પ્રાણથી પ્યારા લીલામ

સાખી

પુછે છે ભાભી પાર્વતી કહો બજારના હેવાલ
મારો આંક પાકયો કયો ઘણા ચતુર છો લાલ
કુરી સતાના ભર્યા તારે ભાભી તમારા પચીશ
ગયા તે પાકયા મારારે સુણો નવાના ત્રીસ. લીલામ
જુઠું બોલે પાઘડી બલ્યા ખાયે પ્યારા રંગાના સમ
તોએ ભાભી માને નહી આપે આવ્યા જે તમામ

માહુશાતો નવ આપુરે આવી મન ફાટી મરતા
ફર કાળુ અહીઆથીરે આવીસ નહીં ફાટી મરતાં. લીલામ
દાહાભાઈ ગાંડા થયા ગયા સાત હજાર
ઘર વસ્તજરને વળી છેલી વેચીતી નાર
વેપાર મજતમાં પુરોરે ટેકીલો હતો પેહલા
બાંદયો ઘાલ્યો બેડીમાંરે પેહેર્યા લોઢાના કલા. લીલામ
કસ્તુર કહે સાંભળો પતી નધરતા મન ઉચાટ
ઘોડે ચઢે તે તો પડે થાઓ દલગીર શા માટ
આવશે આવતે લીલામેરે થોડો થોડો કરો વેપાર
સામટા શ્રીમંત થવામોરે પ્યારા નથી કાંઈસાર. લીલામ
ફાતમાં બુ રડી રહી યા અલ્લાહ પરવર દેગાર
કીસમત મેરા ફુટ ગયા કયા કરૂ અબ બીચાર
ઢેડી તે પણ ઓ ભુલીરે નશીબ તે ફુટી ગીયું. લીલામ
નવાને નહી જાણતા સ્વપ્ના મધ્યે કોય
ફુરી બેકી વાળા સઉ મુવા કેમ જીવતા હોય
દેવી દેવતાને જોસીરે બોડી ભટ હજરતવાળા
જુઠા જાણજો એમાંરે ચાલે નહીં કોઈનાટાલા. લીલામ

(૨૪) અકટોબરનું લીલામ

પીતાજી આ કોપ તમે શો કર્યો રાગ

આવ્યું લીલામ અકટોબરનું જાણ લાલચમાં ગુમાવસે કંઈ પાણ
આવ્યા દાવ લાગટ છ માસ બેકી, આસા હવે જરૂર ફુટે બેકી
બેકીવાળા રડે છે દરમાસ, તેની ખોટ પુરાસે આ વેળા ખાસ
ગએલા નાંણા લાવવાને તે માટ, ભરે બમણા ચોગણા તજી ઉચાટ
દસે ખીસા બરાબર કરવાને, પડી મહેનત પાઠીયાં વાળાને

વધ્યો ભાવ એકીનો આવાર, પુરા કરવા માટે દસના બાર
તોએ ન મળે એકીના દામ, સઉને નાશ્ચે એકીની હામ—

(૨૫) મરસાયો

જી વોયવોયરે લીલામે કર્યો નાસ રહી નહીં હવે કોડી પાસ
જી વોયવોયરે લીલામે કર્યો નાસ
ગુલામ મહમદ અને અબદુલ દુરી આવે જરૂર રસુલ
રૂસ્તમ કહેરે સો ઉનકી ભુલજી વોય વાયરે-
મોતીજાનને હીરૂ આવે કરીમ સાથે ગાડીમાં લાવે
દુનીયા જુવે છે તેને ભાવેજી વોયવોયરે-
રાજુ કહેજો સુભ ચાવો છે પ્રશ્નોતરી એક બાવો
સાચું પ્રશ્ન તીડીનો સો લાવોજી વોયવાય-
એકીની રાખીતી આસ તે ઉડી ગઇ આકાસ
એકીએ કર્યા નીરાસજી વોયવાયરે
આવી કલકતાથી તીરી તેને કાળજુ નાંખ્યું ચીરી
સંસાર છોડીને લઉં ફકીરીજી વોયવાસરે
એકકો અજમેરનો જાણુ તેથી પણ સોકને હાણુ
કંઇકે ગુમાવ્યા પ્રાણજી વોય વાયરે
સાતમી આ એકી આવી સોભીને લીધા ચાવી
હવે ભરીશું પઇસા કયાંથી લાવી જી વોય વોયરે
આસરો બીલકુલ રહો નહીં કંઇ ધીરે કોણ હવે એક પઇ
કામ નથી ઉભાનો જઇ જી વોય વાયરે
બેકી બેકીનો કરતા સોર રાખતા હતા મન ઘણું જોર
તીરીએ ભુલાવ્યા તોરે જી વોય વાયરે

(૨૬) (પશ્ચાતાપ) લલીત

અરર ઈસરે શું હવે કરૂં ઝેર ખાઉં કે ડુબીને મરૂં

મારાથી બન્યું ત્યાં સુધી ભર્યું બેકી માટ તો કરજ કર્યું
બી મળે નહીં વાલું શી રાતે ઊગે કયાં થકી થયો ભય બીતે
હવેને લીલામ બેઠી નીસરે નાણું આવે ગયા થોડા પણ ખરે
ધીરે થોડા ઘણા કોઈ દાગરે રળી લાવું પાછા તો ચાલે કામરે
નહીં તો હવે સા રીતે જડે ગુમાવેલા છે તે કેમ આવી પડે
ચેન પડતું નથી દીન ગતરં પૈ પાસે નહીં કહું કોને વાતરે
જીવ બળ્યા કરે લોક લાજરે ઘરના પણ સઉ બળે દાઝરે
સરકાર આપણી જો દયા કરે આસીસ લાગસે સુરતની ખરે
વણજ સટ્ટા તણો કરેતે જુગારીરે પોલીસ પકડી માંડે ફોજદારીરે
ત્યારે તો કંઈક ઠીક થાયરે રંક સુરત તણું દુખ જાયરે
દીવાના થઇ આપઘાત કરે તેનું પૂન્ય સઉ સરકાર પરંઅરે

(૨૭) સટ્ટાની ફરીઆદ (રાગ ફેરૂંબો સાડેતીન)

સટો જુગારનો છે ભાઇ નહીં સ્વાદ ચાખોરે (૨-૩-વાર)
ચંદુ પરસોતમે કરી રમાલકાજ ફરીઆદ
ત્રણસેંના સામા દસ્કત છે આપો બાજબીદાદ—સટો
પ્રતીવાદી મગન કેસુર છે સોની શ્રીમાળીની જાત
શેકડા રૂપીઆ લીધા તેની પુછી જુવો વાત—સટો
હુકમનામું કરી આપો એટલી છે અરજ
પરમેશ્વરને હાજર જાણી માહરૂં છે કરજ—સટો
મગન ઉપર સમન કાહાડી બોલાવી કોરટ માંહ
વકીલે તેની અરજી આપી લાવ્યો ખોટો દાવો ચાંહ—સટો
સટ્ટાની દુકાન બેની છે જુદી જુદી સાર
લેન દેન હસે તેનું નથી શેકડાની તકરાર—સટો
સટ્ટો જુગાર બે બરાબર કાયદામાં છે જાણ
ફરીઆદ એની ચાલે નહીં છે ખધું પોતાણુ—સટો
સાક્ષીએ સાબેત કરી આપ્યું પ્રતીવાદીએ જુઠ
વાદીને પુછતાં કોરટને જણાયું સરવે જુઠ—સટો

જડજ બહાદુરે ન્યાય કર્યો આણીને ઊરૂ ભાવ
સટો જુગાર નહીં સાભળુ નક્કી એ ઠરાવ—સટો
સ્વાદ ચાખો સટ્ટાનો તમે ફેંકી દીધી ફરીઆદ
સટ્ટાને જુગાર ગણીને બ્યાજબી આપી દાદ—સટો
જાણુ કર્યું છાપાવાળાંએ ન સાભળે સરકાર કાન
લુચ્ચાને તો થઇ દીવાળી સાહા તો ભુલ્યા સાન—સટો

છપ્પો (૨૮)

ચાલે વણુંજ સટ્ટાનો ધમધોકારે
તેજી મંદી દરરોજ બજાર પોકારે
ઠરે સેઠ સાઊકાર રંકને રાણા •
સમજો મીત્ર તમે સાર વીચારો સાણા
કદી એકવાર ધન મળે મન મનુષ્ય રાજી થશે
રહે નહીં બરકત બર્બાદનું પાણી પગ ધોયામા જસે
નથી સુત્ર કે મીત્ર આ દુનીઆમાં
દોસ ન દેસો પત્રિ વાચી ચોપાનીયામાં
સીખ રમુજ ચાનક વળી દલગીરી તજવાને
રચ્યું ગાયન લીલામ સુખ હર્ષ સમજવાને
મચ્યા છે રાત દીન જે લીલામમાં તે જાણસે દુસ્મન
કટો—પસ્તાસે મળસે સાર ત્યારે સાંભરસે સૂરતી સટો-

૨૯ ભેરવી પનઘટવા વેરીરે—રાગ

નથી કોઈ વેરીરે દુનીયામાં સમાન સઊને જોઉં
હું નીહાળી નથી કોઈ વેરીરે—ટેક
જાત નામ લખ્યાં જે ચોપડીમાંરે
રમુજને ખાતર. કહાં નથી મેં વખોડી—નથી કોઇ
રખે દ્રેસ લાવો કોઇ. વાંચો નામ તમારૂં હોઇરે
નથી ખરે ખરા લખ્યા. કે કુ દ્રષ્ટીથી જોઇ—નથી કોઇ

દુસ્મન નથી કોઇ માહરા. જાણજો સત્ય કહું છું પ્યારા
માત ભ્રાત સભી ઇષ મીત્ર ગણું સોઇ—નથી કોઇ
રખે આવે વેહેમ પુછસો આવી રેહેમરે
અદાવતી નામ નથી જાણો સત્ય ઈશ્વરી—નથી કોઇ

(૩૦) સ્તુતી રાગ શ્રી જગતપતી

શ્રી સરસ્વતી સમરૂં આદ ગણપતી
રંક જાણી બાળકોને આપો સુભમતી—ટેક
રસીક સદા તણું ગાયન ચરીત્ર વાંચો જેમ
નાના મોટા નરને નારી રમે જુગાર કેમ—શ્રી સરસ્વતી
ત્રણ વરસ થયા સટ્ટાની વાતો ઠામોઠામ
ડોશી બાવરાને ઊતાવળા નવા મેળવવા દામ—શ્રી
વણજ કરે તેજી મંદીના નીર્યાં લાભ ને ખોટ
તર્યા નથી ડુબ્યા અનીક રંકને શ્રીમંત મોટ—શ્રી
મરે દરમાસે ભીલામમાં મોહોટી તેને હાણ
તીક્ષણ બુદ્ધીથી વીચારો રાજ પ્રભુ નવ જાણ—શ્રી
અગ્ગત મુકી તજી સટો સુરી થઇ બાઇ ભાઇ
રખડો દેવ દેવી ફકીર તર્ક સાચું નવ કાંઇ—શ્રી
મતી માહરી અલ્પ બુદ્ધીથી હીત સરવેને કાજ
ધરતો નથી ગર્વ મનમાં રચ્યું ગાયન આજ—શ્રી
પુછસો સંકા કંઇ કોને રાખીને જે ભાવ
સેવક જાણી ક્ષમા કરસો ભુલ ચુકનો લાવ—શ્રી

દોહરો

સટ્ટાના વણજથી બચે, તેના સુરા પડસે કોડ;
એકવાર સહુ બોલજો, જે જે શ્રી રણછોડ.

સમાપ્ત.